dakshinayan
દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU
Veer Narmad South Gujarat University, Surat
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August-September 2016 For private circulation only Vol. 08 - Issue 177-80

ગાંધીજીનું સ્થાન જગતના રાજકીય ઈતિહાસમાં અનોખું છે. પીડિત પ્રજાની સ્વાતંત્ર્યની લડતને માટે તેમણે સાવ નવી ને મનુષ્યને છાજે એવી રીતે શોધી કાઢી છે, અને ભારેમાં ભારે સ્ફૂર્તિ ને એકનિષ્ઠાપૂર્વક તેને અમલમાં પણ ઉતારી છે. તેમણે સુધરેલી દુનિયાના વિચારશીલ લોકો પર જે નૈતિક અસર પાડી છે તે આપણા, પશુબળના પ્રાબલ્યવાળા, યુગમાં સંભવિત દેખાય એના કરતાં વધારે લાંબો કાળ ટકી રહેશે. કે રાજકાજમાં પડેલા મુત્સદીઓ જેટલે અંશે પોતાના અંગત ઉદાહરણથી અને લોકો પર પ્રભાવ પાડીને પોતાની પ્રજાના નીતિબળને જાગૃત અને સંગઠિત કરે તેટલે અંશે જ એ મુત્સદીઓનું કાર્ય ચિરસ્થાયી રહી શકે.

**આલબર્ટ આઈસ્ટાઈન**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

જીવનભરના સત્યશોધક અને વિશ્વવંદ્ય વિભૂતિ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સમગ્ર વિશ્વ એમને યાદ કરશે. પરંતુ એમના પુરસ્કારેલા આચાર-વિચાર જીવનમાં ઉતારીને જ એમને સાચી અંજલિ આપી શકાય. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય આદિ વ્રતો એમણે સ્વયંના જીવનમાં આચરીને સૌને માટે પ્રેરક બનાવ્યાં હતાં. એક એવી નાનકડી પ્રસંગ કથાનો આ નિમિત્તે નિર્દેશ કરીશઃ

ગાંધીજી રોજ સવારે વહેલા ઊઠે. ઊઠીને મોં ધોવાનું અને દાતણ કરવાનું તે માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે જ રાખેલાં હોય. તે વડે જ ત્યાં પતાવે.

મોહનલાલ પંડ્યા કહે : "બાપુ પાણીનો લોટો છે? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર શું કરવા કરતા હશો ?"

ગાંધીજીએ એમને સામેથી પૂછયું : "મારું મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહીં ?"

પંડયાજી કહે : "એ તો છે જ ને"

ગાંધીજી : "તો પછી વાંધો કયાં છે? તમે લોટેલોટા પાણી વાપરો છો પણ પલળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરાબર સાફ કરું છું આટલું પાણી પૂરતું છે"

પંડયાજી : "પણ નદીમાં આટઆટલું પાણી છે ને'!'

ગાંધીજી : "નદીનું પાણી કોના માટે છે ! મારા એકલા માટે છે?"

પંડયાજી : "સૌના માટે છે આપણા માટે પણ છે."

ગાંધીજી : બરાબર, નદીનું પાણી સૌ પશુ પંખી માણસ જીવજંતુ સૌના માટે છે. મારા એકલા માટે નથી. મારા ખપપૂરતું જરૂર હું લઉ; પણ વધારે લેવાનો મને હક નથી સહિયારી મિલકતમાંથી ખપ કરતાં વધારે આપણાથી લેવાય ?"

આંતરરાષ્ટ્રીય નેતાઓએ જેમને પોતાના પ્રેરણાસ્રોત ગણાવ્યા છે એ મહાત્મા ગાંધીજી પોતાના 'મહાત્મા-પદ' વિશે કેવા નિર્મોહી રહયા હતા :

"હું તો અલ્પ પ્રાણી છું તમે મને મહાત્મા માનો છો; એનું કારણ ગરીબમાં ગરીબ માટે રહેલો મારો અગાધ પ્રેમ છે. ગમે તે થાય તો પણ ચીંથરેહાલનો તો મારાથી કદી ત્યાગ ન જ થઈ શકે. તેથી જ તમને લાગે છે કે ગાંધી કંઈક કામનો માણસ છે. ત્યારે મને ચાહનારા સૌની પાસે હું એ માગું છું કે તમે મારા માટે પ્રેમ ધરાવો છો તો જેમને માટે હું પ્રેમ ધરાવું છું તે ગામડાના લોકોને અન્નવસ્ત્ર મળ્યા વિના ન રહે એવી કોશિશ કરો."

મને મહાત્માનું પદ મળ્યું છે એની કિંમત જૂજ છે, એ વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં એવી એક ક્ષણ મને યાદ નથી. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દ્રષ્ટી નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુધ્ધ રીતે જોઈ શકું છું."

વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં સમગ્ર વિશ્વના દેશોની સાથે આપણે સૌ અનિવાર્યપણે સંકળાઈ રહયા છીએ ત્યારે એની આડઅસર રૂપે આપણા સમાજમાં નૈતિક આધ્યાત્મિક કટોકટી આવી પડે છે. કદાચ ગાંધીજયંતી કે ગાંધીનિર્વાણ દિન જેવા પ્રાસંગિક પર્વ માટે ગાંધીજીને યાદ કરી લેવા એવી ઔપચારિકતા અને એ સિવાય બધા સમયમાં લગભગ ગાંધીજીની પ્રસ્તુતતા સંશયગ્રસ્ત બની છે. વાસ્તવમાં ગાંધીજીએ જીવનમાં આચરેલા અને સૌને આચરણમાં મૂકવા યોગ્ય ગણાવેલા આ અગિયાર જીવનમંત્રો જૂઓ :

(૧) સત્ય : હમેશાં સાચાં વાણી-વર્તન રાખવાં
(૨) અહિંસા : કોઈને જરાપણ દુઃખ ન આપવું
(૩) ચોરી ન કરવી : કોઈપણ જૂઠું કામ ન કરવું.
(૪) અપરિગ્રહ : વગર જોઈતું સંઘરવું નહીં
(૫) બ્રહ્મચર્યઃ મર્યાદાઓ-સિંધ્ધાતો પાળી માનસિક બ્રહ્મચર્ય પાળવું
(૬) સ્વાવલંબનઃ પોતાનાં બધાં કામ જાતે કરવાં શ્રમનિષ્ઠ બનવું
(૭) અસ્પૃશ્યતાઃ જ્ઞાતિ-જાતિના, માણસ-માણસ વચ્ચેના ભેદભાવમાં માનવું નહીં
(૮) અભયઃ નીડર રહેવું, નીડર બનવું
(૯) સ્વદેશીઃ દેશમાં બનતી વસ્તુઓ વાપરવી
(૧૦)સ્વાર્થત્યાગઃ કોઈ કામ કે સેવા પોતાના અંગત સ્વાર્થ માટે ન કરવી. સ્વાર્થ છોડીને જીવવું.
(૧૧)સર્વધર્મ સમાનતાઃ જગતના બધા ધર્મો સમાન ગણવા અને બધા જ ધર્મોને સન્માન આપવું.

ગાંધીજીએ ઉદ્‌બોધેલાં આ અગિયાર મહાવ્રતોમાં જગતની સર્વ સમસ્યાઓ, વ્યકિતની તમામ આધિ-વ્યાધિ-ઉપાધિઓના ઉપાયો સમાઈ જાય છે.

તા. ૨ ઓકટોબર, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ


## પદવીદાન


























તા. ૨૪-૮-૧૬ના રોજ યુનિવર્સિટીના ૪૭મો ખાસ પદવીદાન સમારંભ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં યોજાઈ ગયો. જેનો પ્રારંભ યુનિવર્સિટી ગીત દ્વારા કરવામાં આવ્યો હતો. ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ દિક્ષાંત પ્રવચન આપ્યું હતું. ડૉ. દક્ષેશ ઠાકરએ કહયું હતું કે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપતાં જણાવ્યું હતું કે, નર્મદનો પરિચય યુનિવર્સિટીની ભૂમિ પર આપી ન શકાય. કવિ નર્મદએ વર્ષો પહેલા જ ગુજરાતી સાહિત્યને ધન્ય કર્યું છે અને એવા ધન્ય કવિ સાથે આ યુનિવર્સિટીનું નામ જોડવામાં આવ્યું છે. આજનો આ સમારોહ યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે તમે અહીંથી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું છે, જે તમારામાં ઉચ્ચતાનો ભાવ પ્રગટ કરે છે. આ શિક્ષણથી એક પરિવાર એક સમાજ અને એક આખી માવજતને પણ બદલી શકાય છે. 'સા વિદ્યા વિમુક્તયે' આ નાનકડા સુત્રમાંથી શાસ્ત્રો લખી શકાય છે, જો આ સુત્રના ભાવને તમે પામી ગયા તો તમે જીવનની ઉચ્ચતાને જરુર પામશો. વિદ્યા સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને કુરિવાજોની મુકિત માટે છે. આપણે જે સદીમાં જીવી રહયા છીએ તેમાં આપણને રોજ નવા અનુભવ થાય છે અને આપણે હંમેશા એવા તત્વોથી જ આકર્ષિત થઈએ છીએ જે દુરીત હોય. સાત્વિક અને શુદ્ધ તત્વો મેળવવા હોય તો તેના માટે વિદ્યાના પથ પર ચાલવું પડે. લોકો વર્ષોથી આકાશી તત્વોની રાહ જોતા આવ્યા છે કે આ આકાશી તત્વ આવશે અને દુનિયા બદલશે.! આપણે આ આકાશી તત્વ શા માટે ન બની શકીએ ? આપણે જ આપણું ઉદાહરણ શા માટે ન બની શકીએ? આપણે કયારે સ્વયંનું ઉદાહરણ બનશું. આ વિદ્યા અને આ જ્ઞાન એટલા માટે જ છે કે વિદ્યાર્થીઓમાં રહેલા સ્થાયી, સાત્વિક અને માનવ વિકાસમાં રહેલા ભાવોને સક્રિય બનાવી શકાય.

યુનિવર્સિટીના ૪૨માં ખાસ પદવીદાન સમારંભમાં કુલ ૧૨ વિદ્યાશાખાની ૨૫ જેટલી પદવીઓ હાજર તથા ગેરહાજર રહેલ કુલ ૩૩૭૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તદ્પરાંત પીએચ.ડી.ની ૩૯ ડિગ્રીઓ તથા એમ.ફિલ.ની ૨૧ ડિગ્રીઓ કુલપતિશ્રી તથા ઉપ-કુલપતિશ્રીના હસ્તે એનાયત કરવામાં આવી હતી. કાર્યક્રમની સમાપ્તિ રાષ્ટ્રગીતના ગાન દ્વારા થઈ હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયા તથા ડૉ. મનીષ સિધ્ધપુરીયાએ કર્યું હતું.

## NSS - "TIRANGA MARCH"












ભારત વર્ષની આઝાદીના ૭૦માં વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૨૨-૮-૧૬ના રોજ તિરંગા યાત્રા અને સુવિચાર અંગેના કાર્યક્રમનું આયોજન ભારત સરકારશ્રીના સૂચન મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુનિવર્સિટી કન્વેન્શન હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ દક્ષિણ ગુજરાતની કોલેજો અને યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંથી આશરે ૧૦૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ રાષ્ટ્ર પ્રેમ અને આઝાદીની લડતમાં યોગદાન આપનાર સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રેમ જગાડવા માટે આહવાન કર્યું હતું. સમારંભના મુખ્ય અતિથિ અને ઉપ-કુલપતિશ્રી, ડૉ. બી.એમ. રાવલએ વિદ્યાર્થીઓને સ્વતંત્રતાનું મૂલ્ય સ્પષ્ટ કરી તેની જાળવણી માટે સમજ આપી હતી. આ ઉપરાંત સ્વયંસેવકો દ્વારા સૂત્રોચ્ચાર, દેશભકિત ગીતો, પ્લેકાર્ડ, બેનર, તિરંગા ધ્વજ સાથે યુનિવર્સિટી પરિસરમાં એક વિશાળ રેલીનું આયોજન થયું હતું જેનું કુલપતિશ્રીએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે વર્ષ ૨૦૧૬ની દિલ્હી ખાતે યોજાયેલ પ્રજાસત્તાકદિન પરેડમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેનાર વલસાડની જે.પી. શ્રોફ આર્ટસ કોલેજની સ્વયંસેવિકા કુ. રશ્મિ મિશ્રાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રીઓ અને પ્રોગ્રામ ઓફિસરો જોડાયા હતા. પ્રારંભે યુનિવર્સિટીના એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવીયાએ મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. આભારવિધિ ઈ.ચા. કુલસચિવ શ્રી એ.વી. ઘડુકે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. ફરીદા માંડવીવાલા અને પ્રો. પુજા દેસાઈએ કર્યું હતું.

## ઉજવણી



The students of Integrated HRD programmesem – III celebrated Guru Purnima in a unquie way. Gurupurnima was on July 19, 2016. The students organized a quiz competition and Poster Making event at the class level. The students coordinated the event themselves with the guidance of their class mentor Dr. Smruti Bulsari. Around 10 students participated in the event. The theme of Quiz was General Knowledge and that of Poster Competition was Human Resources. The students enthusiastically participated in the event and also in its preparations. The entire event was conceptualized, organized and managed by students. It was in true sense "of the students, for the students and by the students" event. They believed that this is a unique way to revere their gurus. The students took blessing of the Head of the Department, Dr. Kiran Pandya and Co-ordinator of Integrated HRD Programme, Dr. M. R. Zaveri before starting the event. All teachers of the Department remained present to bless the students.

## કેરિયર કાઉન્સેલિંગ







યુનિવર્સિટીના કેરિયર કાઉન્સેલીંગ સેલ દ્વારા યુનિવર્સિટીના વિવિધ પોસ્ટગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટમાં ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા. ૯-૮-૧૬ના રોજ 'રીઝ્યુમ રાઈટીંગ' વિષય ઉપર એચ.આર.ડી. ડિપાર્ટમેન્ટના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ પોસ્ટગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટસના ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની રૂપરેખા સેલના કો-ઓર્ડિનેટર પ્રોફે. સતીશ પટેલે આપી હતી. કાર્યક્રમનો પ્રારંભ પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. ભાસ્કર રાવલએ પ્રેરણાદાયી વકતવ્યથી કર્યો હતો. એચ.આર.ડી. વિભાગના વડા ડૉ. કિરણ પંડયાએ બાયોડેટાનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં એચ.આર.ડી. વિભાગના પ્રા. શ્રી મયુર બારડોલીયાએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી.

## લાઈબ્રેરિઅન્સ ડે

ભારતના ગ્રંથાલયશાસ્ત્રના પિતામહ ડૉ. એસ.આર. રંગનાથનની જન્મદિવસની ઉજવણી પ્રસંગે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં તા. ૧૨-૮-૧૬ના રોજ ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ડૉ. એસ.આર. રંગનાથનના જીવન-કવન વિષે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રા. જિતેન્દ્ર અગ્રવાલે ડૉ. એસ.આર. રંગનાથનના જીવન-કવન વિષે વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. એસ.આર. રંગનાથન કૃત ગ્રંથોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું.

## વૃક્ષારોપણ





યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના એમ.એસસી.ના વિદ્યાર્થીઓએ તા. ૧-૮-૧૬ના રોજ "વૃક્ષારોપણ દિવસ"ની ઉજવણી કરી હતી જેમાં કુલ ૬૦ વૃક્ષો તથા ૫૦ છોડનું રોપણ કર્યું હતું. તેમણે કરેલી પર્યાવરણલક્ષી તથા પ્રેરણાદાયી પ્રવૃત્તિમાં વિભાગના તમામ સભ્યોએ ઉમળકાભેર ભાગ લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## વ્યાખ્યાન



ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના BLISc. અને MLISc.ના વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૪-૮-૧૬ના રોજ સ્વામીશ્રી સત્ય વેદાંતજી (ડૉ. વસંત જોશી) એ "શિક્ષા મેં ક્રાંતિ" વિષય પર વિશદ્ ચિંતન-મનન વ્યાખ્યાન રૂપે પ્રસ્તુત કર્યું હતું. સ્વામીશ્રી સત્ય વેદાંતજીનો પરિચય આરતીબેન ગોસ્વામીએ પ્રસ્તુત કર્યો હતો.



The Southern Gujarat Chamber of Commerce and Industry had organized a lecture on "Brexit – Does it Matter?" on July 3, 2016 at 11:00 AM under the banner of Vichar Goshthi at Kavi Narmad Central Library. Dr. Bulsari discussed various aspects like objectives behind formation of economic integrations in general, and the European Union in particular. She then explained the voting pattern and explained some methodological aspects of voting pattern and its interpretation. Then she presented the micro and macro effects of Brexit on the UK, other countries of EU, India and Indians in the UK. The talk was followed by question-answer and discussion that involved audience participation.

## લાઈબ્રેરિ ઓરિએન્ટેશન



'લાઈબ્રેરિ ઓરિએન્ટેશન' કાર્યક્રમમાં તા. ૮-૮-૧૬ના રોજ યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સના ૧૩૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને પ્રા. માનસી શાહ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી હતી. ટેક.આસિ. શ્રી એચ.વી. પટેલએ ગ્રંથાલયના વિભાગો, ગ્રંથાલયની વિવિધ પ્રકારની સેવાઓ અને વાચનસામગ્રીનો પરિચય તથા વાચનસામગ્રીની શોધપ્રક્રિયાને વિસ્તૃત સમજાવી હતી.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં વિશ્વયોગદિનની ઉજવણી પ્રસંગે તા. ૨૦-૬-૧૬ના રોજ 'યોગ એ જીવન જીવવાની જડીબુટ્ટી' વિષય ઉપર યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં કુ.સુરૈયા ફાતીવાલા પ્રથમ ક્રમે, કુ. ભૂમિકા લાડ અને શ્રી હાર્દિક રોલેશિયા દ્વિતીય ક્રમે, કુ. ફોરમ રાણવેલિયા તથા કુ. જીજ્ઞા પ્રજાપતિ તૃતીય ક્રમે તથા કુ. તહેસીન શેખ ચતુર્થ ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિબંધોને મુલવવાનું કામ દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રના પત્રકાર શ્રી પરિમલભાઈ આચાર્યએ કર્યું હતું. વિજેતા સ્પર્ધકોનું કેમ્પસના આચાર્યશ્રીઓ ડૉ. જી.એમ. બુટાણી, ડૉ. જે.ટી. દેસાઈ તથા ડૉ. પંકજભાઈ એસ. દેસાઈ દ્વારા ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે સ્પર્ધકોને બિરદાવી અભિનંદન આપ્યા હતા અને વિદ્યાર્થીઓ ઈચ્છે તો કોલેજમાં નિયમિતપણે યોગ તલીમના વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી હતી.

સાસ્કમા ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૧૬-૭-૧૬ના રોજ યોજાયેલ મહેંદી સ્પર્ધામાં મુખ્ય નિર્ણાયક તરીકે પ્રા. શ્વેતાબેન પટેલ અને પ્રા. જેનીબેન સાંડીએ ભૂમિકા ભજવી હતી તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓમાં પ્રથમ સ્થાને અંસારી ઈફ્ત, દ્વિતીય સ્થાને જોગીવાલા રિધ્ધી અને તૃતીય સ્થાને શાહ ક્રિષા તથા વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે વર્મા કૃણાલ વિજયી થયા હતા. ટેટૂ સ્પર્ધામાં પ્રથમ ક્રમે શર્મા અશ્વિન તથા બીજા ક્રમે ભટ્ટ તીર્થ રહયા હતા. સ્પર્ધાનું આયોજન પ્રા. ભૂમિ દેસાઈ અને પ્રા. ખુશ્બુ જરીવાલાએ કર્યું હતું. તા. ૨૦-૬-૧૬ના રોજ યોજાયેલ કેશ ગુંફન સ્પર્ધામાં મુખ્ય નિર્ણાયકની ભૂમિકા શ્રી નૂર મોહમદ યાકુબ ઝારાએ ભજવી હતી તથા માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓમાં પ્રથમ સ્થાને અગ્રવાલ રિધ્ધી, દ્વિતીય સ્થાને લખાની ગીષ્મા અને તૃતીય સ્થાને જોગીવાલા રિધ્ધી તથા વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે ઝારાહ ઈમરાઝ અને દ્વિતીય સ્થાને મનીષ ભંડારી વિજયી થયા હતા. આ સ્પર્ધાનું આયોજન પ્રા. ભૂમિ દેસાઈ,

પ્રા. ખુશ્બુ જરીવાલા અને પ્રો. મોહિત લોટવાલાએ કર્યું હતું. તા. ૨૨-૭-૧૬ના રોજ યોજાયેલ પોસ્ટર મેકિંગ સ્પર્ધાના મુખ્ય નિર્ણાયક તરીકે શ્રી તુષારભાઈ અને સોનિકાબેને ભુમિકા ભજવી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાને જરીવાલા પુર્વી અને જોગીવાલા રિદ્ધી, દ્વિતીય સ્થાને અશ્વીન શર્મા અને દિપક પાંડા તથા તૃતીય સ્થાને વિશ્વા ભણશાલી અને ક્રિશા શાહ વિજયી થયા હતા. તા. ૩૦-૬-૧૬ના રોજ યોજાયેલ બેસ્ટ આઉટ ઓફ બેસ્ટ સ્પર્ધામાં ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મુખ્ય નિર્ણાયક તરીકે પ્રિ. ચેતન ભરૂચા રહયા હતા. સ્પર્ધામાં પ્રથમ સ્થાને ચાર્મી પટેલ, દ્વિતીય સ્થાને જીંદાલ પલક અને તૃતીય સ્થાને ભટ્ટ તીર્થ અને મહેતા મનાલી રહયા હતા. આ બંને સ્પર્ધાઓનું આયોજન પ્રા. ભૂમિ દેસાઈ, પ્રા. ખુશ્બુ જરીવાલા, મોહિત લોટવાલાએ કર્યું હતું. તથા તા. ૧-૮-૧૬ના રોજ યોજાયેલ સલાડ ડેકોરેશન સ્પર્ધામાં ૧૦ ગ્રુપમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ચૈતાલી દેસાઈ, દ્વિતીય સ્થાને ભીસારા સોનાલી તથા તૃતીય સ્થાને ચાંડક રવીના વિજયી રહયા હતા. આ સ્પર્ધાના મુખ્ય નિર્ણાયક તરીકે પ્રા. જયશ્રીબેન ચુઘ અને સ્નેહાબેન નાયકે સેવા આપી હતી. સ્પર્ધાનું આયોજન પ્રા. ભુમિ દેસાઈ અને પ્રા. ખુશ્બુ જરીવાલાએ કર્યું હતું.

સ્પ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધાનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. જેમાં પ્રથમ ક્રમે સોલો રજૂઆતમાં પટેલ ભાવિકા, મિસ્ત્રી હર્ષિલ, દ્વિતીય ક્રમે પટેલ પ્રિયંકા , તૃતીય ક્રમે કટારિયા ડિમ્પલ રહયા હતા અને ગૃપ સોંગમાં પ્રથમ ક્રમે બારીયા તલ્લીકા એન્ડ ગૃપ, દ્વિતીય ક્રમે વસાવા નીતલ એન્ડ ગૃપ, તૃતીય ક્રમે સેન અંતિમાં એન્ડ ગૃપ રહયું હતું. નિર્ણાયક તરીકે પ્રા. કલ્પનાબેન પટેલ અને પ્રા. રામસિંગભાઈ ગામીતે ફરજ બજાવી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. પાયલબેન પટેલ અને પ્રા. દેવાંગનાબેન પટેલે કર્યું હતું. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. કેતકીબેન અને પ્રા. રોશનીબેને સેવા આપી હતી. મહેંદી સ્પર્ધામાં અનુક્રમે ૧. સોલંકી સપના, ૨. ચૌધરી ટીનલ, ૩. દોલા સીમા વિજેતા રહયા હતા. કેશગુંફન અને હારગુંફન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ભાવિનાબેન અને પ્રા. નીતાબેને સેવા આપી હતી. કેશગુંફનમાં અનુક્રમે ૧. ભૂત રશ્મિતા અને ૨. દેસાઈ સલમા યાકુબ વિજેતા રહયા હતા. હારગુંફનમાં અનુક્રમે ૧. ધોરાજીયા હેમીશ, ૨. રાઠોડ કરિશ્મા, ૩. ખાન ઈશરતજહાનો નંબર આવ્યો હતો. સ્પર્ધાનું આયોજન પ્રા. દેવાંગનાબેન પટેલે કર્યું હતું.

સ્પ શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૯-૭-૧૬ના રોજ યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં ૧૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ ફાલ્ગુનીએ અને દ્વિતીય ક્રમ વળવી વનિતાએ પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. જયશ્રીબેન રાવલજી અને રેશમાબેન વૈદ્યએ સેવા આપી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. અસ્મિતાબેન ગજેરાએ અને સંચાલન તાલીમાર્થી પટેલ સ્નેહલે અને પટેલ ભાવિકાએ કર્યું હતું.

સ્પ વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં સેમ-૧ અને સેમ-૩ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલ તથા પ્રાધ્યાપકગણે વર્ષાગીતો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ અંજના એન.(સેમ-૩) અને ઠાકોર પ્રિયંકા એસ. (સેમ-૧) વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે ભજવી હતી. ઉદ્ઘોષિકા તરીકે પ્રશિક્ષણાર્થી લાડ મિતાલી કે. એ સેવા આપી હતી તથા મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ અલ્કા જી. અને દ્વિતીય ક્રમે પટેલ બિનાલી એસ., અને બુકે-હાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ પાયલ કે. અને દ્વિતીય ક્રમે પંડયા યામિની આર. વિજેતા જાહેર થયા હતા. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે તેમજ બુકે-હાર સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને પ્રા. હેતલ પટેલએ ભજવી હતી.

સ્પ શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૬-૭-૧૬ના રોજ યોજાયેલ મહેંદી સ્પર્ધામાં ૧૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ શ્રેયા અને દ્વિતીય ક્રમ ઠાકોર સ્મિતાએ પ્રાપ્ત કર્યો હતો. નિર્ણાયક તરીકે પ્રા. અસ્મિતાબેન પ્રા. રેશમાબેન વૈદ્યએ કર્યું હતું.

સ્પ શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં સર્જનાત્મક અભિવ્યકિત દ્વારા હેઠળ "મહેંદી સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં એક વિદ્યાર્થી મનિષ સોલંકીએ મહેંદી સ્પર્ધામાં ભાગ લીધો. પ્રથમ વિજેતા તરીકે નેહા ચૌહાણ (એસ.વાય.બી.કોમ.) દ્વિતીય વિજેતા તરીકે રશ્મી સોનાર (એસ.વાય.બી.કોમ.) અને તૃતીય વિજેતા ઉરૂકોન્ડા સ્વાતી (એફ.વાય.બી.કોમ.) ઘોષીત થયા હતા. કાર્યક્રમનું સંચાલન અને નિર્ણાયકોની ભૂમિકા પ્રા. ધમીબેન દેસાઈ અને કિર્તી જરીવાળા દ્વારા ભજવવામાં આવી હતી.

સ્પ કોલેજ ઓફ એજયુકેશન, દમણમાં તા. ૧૬-૭-૧૬ના રોજ જયા-પાર્વતી વ્રત નિમિત્તે કેશ ગુફન અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને આ વ્રતનુ મહત્વ શું છે તેની સમજ તાલીમાર્થી ટંડેલ રોશનીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કેશ ગુફન સ્પર્ધામાં પટેલ માધુરી આર., ટંડેલ પ્રિયલ એસ., પટેલ શ્રુતિ સી. વિજેતા થયાં હતાં. જયારે મહેંદી સ્પર્ધામાં પટેલ હેમાંગીની ડી., ટંડેલ રવિના એસ., પટેલ નિધી જી. અને પટેલ શ્રુતિ સી. વિજેતા રહયા હતા. આ સ્પર્ધાનું આયોજન ડૉ. ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને માર્ગદર્શન ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દિપીકાબેન મહેતા દ્વારા આપવામાં આવ્યું હતું.

સ્પ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે સપ્તધારાની રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ મહેંદી, કેશ ગુંફન સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂમિકા પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલ, પ્રા. શ્રીમતિ શીતલબેન વસાવા તથા શ્રીમતી ભાવિનીબેન પંચાલે બજાવી હતી.

## પ્રવેશોત્સવ

પ્ર તા. ૨૭મી જૂનના રોજ નવયુગ આર્ટસ કોલેજ, સુરતમાં આચાર્યા ડૉ. જયોતિબેન નાયકના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા ડૉ. જયોતિબેન નાયકે પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓને આવકાર આપી અધ્યાપકોનો પરિચય કરાવ્યો હતો. તેમજ કોલેજની/યુનિ. શૈક્ષણિક પદ્ધતિ તેમજ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી અવગત કરાયા. પ્રા. રીટાબેન મહેતા, પ્રા. ડૉ. ચેતનભાઈ મોદી, પ્રા. ડૉ. સાધનાબેન પટેલ, પ્રા. ડૉ. નયનાબેન પટેલ, પ્રા. લક્ષ્મણભાઈ ચૌહાણ તેમજ અન્ય અધ્યાપકોએ પ્રવૃત્તિઓની વિસ્તારની માહિતી આપી હતી.

પ્ર બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વર્ષ ૨૦૧૬-૧૭નો સત્રારંભ કાર્યક્રમ ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકારી તેમનો પરિચય આપી શિક્ષક બનવા ઉત્સુક તાલીમાર્થીઓને તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે શિક્ષકનો વ્યવસાય એ ઉમદા વ્યવસાય છે. તમે પણ ભવિષ્યમાં એક ઉત્તમ શિક્ષક બની સમાજમાં પોતાનું યોગદાન આપો એવી શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન રજૂ કરતા વ્યારાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ તાલીમાર્થીઓને જણાવ્યું હતું કે શિક્ષક પ્રશિક્ષણ તાલીમ એ શિક્ષકના વાસ્તવિક જીવન સાથે ગાઢ

રીતે સંકળાયેલી છે. જે વાત તેમણે જીવનના વાસ્તવિક દ્રષ્ટાંતો દ્વારા રજૂ કરી હતી. આભારવિધિ પ્રા. ડૉ. કનુભાઈ સ્વાગીયાએ તથા સંચાલન પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કર્યું હતું.

પ્ર વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતના વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો સ્વાગત સમારંભના ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સંસ્થાકીય પરિચય આપી તાલીમાર્થીઓનું શબ્દસુમનથી સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટીશ્રીઓએ તથા પ્રાધ્યાપકગણે તાલીમાર્થીઓને પુષ્પ આપી આવકાર્યા હતા તથા શુભેચ્છા આપી હતી. પ્રાધ્યાપકવૃંદે અને તાલીમાર્થીઓએ પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. વલ્લભભાઈ ઠંઠે કર્યું હતું.

પ્ર ઉધના કોલેજ, સુરતમાં તા. ૨૮-૭-૧૬ના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને આવકારવા માટે "Freshre's Fest-2016" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો રજુ કર્યા હતા. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓમાંથી સિંઘ દિપાલી "મિસ ફ્રેશર" અને પાંડા દેવાશિષ "મિસ્ટર ફ્રેશર" તરીકે જાહેર થયા હતા. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.

## આરોગ્ય

આ સ્વ. ડૉ. માર્કંડભાઈ ભટ્ટની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને કાળીદાસ હોસ્પિટલ દ્વારા તા. ૧-૬-૧૬ના રોજ યોજવામાં આવ્યો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન સ્વર્ગસ્થના ધર્મપત્ની તરલીકાબેન માર્કંડભાઈ ભટ્ટ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ, કોલેજ તથા હોસ્પિટલના સ્ટાફે સ્વ. ડૉ. માર્કંડભાઈ ભટ્ટને શ્રધ્ધા સુમન અર્પણ કરી ભાવભીની શ્રધ્ધાંજલી આપી હતી. આ કેમ્પમાં હોસ્પિટલ અને કોલેજના ડૉકટરોએ સેવા આપી હતી. આ કેમ્પમાં ગરીબ અને જરૂરીયાતમંદ તથા સીકલસેલના દર્દીઓને મોટા પ્રમાણમાં લાભ લીધો હતો. બધા દર્દીઓને તપાસીને મફત હોમિયોપેથીક દવાઓ આપી હતી. સ્વ. માર્કંડભાઈના પરિવાર તરફથી આ પ્રસંગે દરેક દર્દીઓને તથા તાડકુવા, બેડકુવા નજીક, મગદુમનગર, નાળુ ફળીયું, તાડકુવા ડુંગરી ફળીયુ, સરકુવા કાટગઢની આંગણવાડીના બાળકોને પારલે-જી બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પ પ્રિ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ સંસ્થાના એડમીનીસ્ટ્રેટર દક્ષેશભાઈ શાહે આયોજન કર્યું હતું.

આ કોલેજ ઓફ એજયુકેશન, દમણમાં તા. ૫-૭-૧૬ના રોજ "એક લમ્હા જીંદગી કે નામ" ફાઉન્ડેશન દ્વારા Motivation and Awareness Camp on Voluntary Blood Donation પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં Suvant Vikram Roy દ્વારા બ્લડ ડોનેશન અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ અધ્યાપક મિત્રોએ પણ ભાગ લીધો હતો. ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દિપીકાબેન મહેતાએ જણાવ્યું કે, આ કાર્યક્રમ તેમનાં જીવનમાં બ્લડની મહત્ત્વ સમજે અને સમય આવ્યે જરૂર હોય એવા સમયે બ્લડ આપશે એવી આશા દાખવી.

તા. ૯-૭-૧૬ના રોજ વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં ૧૯મો સ્થાપના દિવસની ઉજવણીના ઉપલક્ષમાં સપ્તધારાની સમુદાય સેવા ધારા અંતર્ગત એન.એસ.એસ. યુનિટ દ્વારા સુરત રકતદાન કેન્દ્ર, ફેમીલી ફીઝીશીયન એસોસીએશનના સંયુકત ઉપક્રમે ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીની મંડળ અને એન.એસ.એસ. યુનિટ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓ, તેમના વાલીઓ, તથા કોલેજ અને વનિતા વિશ્રામ સંસ્થાના સ્ટાફે રકતદાન કર્યું હતું. આચાર્યાએ પણ રકતદાન કરી વિદ્યાર્થિનીઓને મોટીવેટ કર્યા હતા. જેમાં કુલ ૩૧ યુનિટ એકત્ર થઈ હતી. ફેમીલી ફીઝીશીયન એસોસીએશને રકતદાન કરનાર વિદ્યાર્થિનીઓને ભેટ આપી પ્રોત્સાહિત કરી હતી. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. યુનિટના કો-ઓર્ડીનેટર પ્રા. હીના દલાલ અને શ્રી તેજલ પારેખે કર્યું હતું.

## એન.એસ.એસ.

રોફેલ આર્ટ્સ કોમર્સ કોલેજ, વાપી તથા નગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૧૬-૭-૧૬ના રોજ કોલેજના સ્થાપના દિન નિમિત્તે વાપીનગરમાં જાહેર સ્થળોએ સ્થાપિત થયેલ મહાનુભાવોની પ્રતિમાઓની સાફ-સફાઈ અને સૂતરની આંટી-ફૂલહારથી એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ અને પ્રોગ્રામ ઓફિસરો દ્વારા આચાર્યા ડૉ. એચ.એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું.

## ઉજવણી

ઉ કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણમાં ઈ.ચા. પ્રિ. દિપીકાબેન મહેતાના માર્ગદર્શન તળે તા. ૨૧-૬-૧૬ના રોજ "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી પ્રસંગે પતંજલિના સભ્યો તથા અધ્યાપકો દ્વારા યોગ અને પ્રાણાયમની માહિતી આપી યોગ અને પ્રાણાયમ પણ કરાવવામાં આવ્યા હતા. યોગનું મહત્વ સમજાવતું નાટક તાલીમાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. યોગ અંગેનું પોસ્ટર મેકીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. "સમાજમાં યોગનું મહત્વ" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૧ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દીપીકાબેન મહેતાએ તાલીમાર્થીઓ યોગનું મહત્વ સમજે અને યોગ તેમનાં જીવનમાં નિરોગી રહેવા માટે કેટલું જરૂરી છે ? તેમજ મેડીટેશન અંગેની માહિતી આપી હતી. તા. ૪-૭-૧૬ના રોજ સ્વામી વિવેકાનંદ પુણ્યતિથી દિવસની ઉજવણી તાલીમાથીઓ દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવન ચરિત્ર વિશે વકતવ્ય આપી તેમજ સ્વામી વિવેકાનંદના જીવન પર આધારિત નાટકની રજૂઆત થઈ. તાલીમાર્થીઓએ સ્વામીજીના વિચારોનું સૂત્રોચ્ચાર કરી સારા વિચારો જીવનમાં ઉતારશે તે માટે પ્રેરણા આપવામાં મદદરૂપ બનશે એમ ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દિપીકાબેન મહેતા દ્વારા જણાવવામાં આવ્યું હતું. ગ્રંથપાલ શ્રી મુકુંદ પટેલ દ્વારા "સ્વામી વિવેકાનંદના સપનાનું ભારત" પુસ્તક પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પુસ્તકની સમીક્ષા કરવામાં આવી હતી. તાલીમાર્થીઓ માટે સ્વામીજીના જીવન ચરિત્ર પર નિબંધ સ્પર્ધા પણ યોજવામાં આવી. તા. ૧૨-૭-૧૬ના રોજ કોલેજના ૨૩ વર્ષ પૂરા કરી ૨૪માં વર્ષમાં પ્રવેશી રહી તે માટે કોલેજના પ્રાર્થના હોલમાં ભગવાન સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત આચાર્ય ડૉ. બાબુભાઈ ટંડેલ દ્વારા પૂજા કરવામાં આવી હતી. કોલેજનો ફોરમ પરિવાર માટે આવનારું વર્ષ વિકાસશીલ રહે તે માટે સૌને પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમ અંગેનું આયોજન ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દિપીકાબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. તા. ૧૯-૭-૧૬ના રોજ ગુરૂપૂર્ણિમાં નિમિત્તે તાલીમાર્થીઓએ સરસ્વતીની વંદના દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ત્યાર બાદ ગુરૂ વંદના કરી તાલીમાર્થીઓ દ્વારા ગુરૂના મહત્વ વિશે સમજાવી, ગુરૂ માટે ભજન-ગીત ગાઈ અને ગુરૂનું મહત્વ શું છે ? તે સમજાવવા માટે નાટક અને નૃત્ય કરી પોતાના ગુરૂજનોને માટે પ્રાર્થના કરી હતી. ગુરૂ અંગે અધ્યાપક મિત્રો તરફથી પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ હિરલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં ગુરૂપૂર્ણિમાની તા. ૧૯-૭-૧૬ના રોજ અર્થસભર ઊજવણી થઈ હતી. તાલીમાર્થીઓએ ગુરુ વિશેના ભાવો વ્યકિતગત અને સમૂહગીત દ્વારા સંગીતના સથવારે રજુ કરી વાતાવરણને ભાવસભર બનાવ્યું હતું. પ્રા. ડૉ. મનસુખભાઈએ પોતાના વિચારો રજૂ કરી સાચા ગુરૂ કોને કહી શકાય અને ગુરૂને કેવી રીતે ઓળખી શકાય એ અંગે વાતો કરી હતી. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈએ પણ પોતાના મૌલિક અને પ્રેરક વિચારો રજૂ કરી જણાવ્યું હતું કે દરેકમાં રહેલા ગુરૂતત્વ વિકસે એ માટેની વ્યકિતગત સાધના વર્તમાન સમયની માંગ છે. એમણે ભારતીય સંસ્કૃતિની વિવિધ ભવ્ય પરંપરાઓનો ખ્યાલ આપી ગુરૂપરંપરાના દાર્શનિક ઉદાહરણો રજૂ કરી ગુરુપૂર્ણિમાની સૂચકતાને સ્પષ્ટ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ધ્વનિબેન અને દિવ્યાબેને કર્યું હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. વિનયભાઈ પટેલે કર્યું હતું.

ઉ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં યોજાયેલ ગુરૂપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીનીઓ દ્વારા શ્લોક, ગુરુવંદના કરતી પ્રાર્થના રજુ થઈ. ત્યારબાદ ગુરુઓનું શબ્દરૂપી પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. તાલીમાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે વકતવ્યો, નાટક, ભજનો જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, આચાર્યાશ્રી ડૉ. કે.વી. દેસાઈએ આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રા. ક્ષિતિજભાઈ એમ. પટેલ તથા પ્રા. રોશનીબેન આયતોડાએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની પટેલ રેશમા તથા પટેલ પ્રિયંકાએ કર્યું હતું.

ઉ તા. ૩૦-૭-૧૬ના દિને વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, અનીતામાં વૃક્ષારોપણ ડેની ઉજવણી પ્રસંગે બી.એસસી. વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યાપકો ડૉ. જાગૃતિ રાણા, હરેશ ગોંડલીયા અને ભદ્રેશ વઘાસિયા તથા બી.એસસી. સ્ટાફના સભ્યોની હાજરીમાં વિદ્યાર્થીઓ પાસે ૨૦૦ જેટલી ઔષધીય વનસ્પતિ અને સુશોભિત વનસ્પતિનું રોપણ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે શ્રી જયંતિભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ અને મુકુંદભાઈ પટેલ હાજર રહયા હતા.

## વ્યાખ્યાન

વ્યા રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન તળે તા. ૧૯-૭-૧૬ના રોજ ગુરૂપૂર્ણિમાના અવસરે કુ. રશ્મિકાબેન મહેતાનું "ગુરૂપૂર્ણિમા અને ગુરૂનું મહાત્મ્ય" એ વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું. જેમણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પરમ તત્વને વર્તમાન સમય સાથે જોડી ખુબ જ સૌમ્ય શૈલી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. ડૉ. એમ.યુ. દરૂએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. વકતાશ્રીનો પરિચય અને આભારવિધિ પ્રા. ઈન્દિરાબેને કરી, કાર્યક્રમનું સંચાલન જયાબેને કર્યું.

વ્યા શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨૫-૭-૧૬ના રોજ સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી ડૉ. નાનુભાઈ પટેલનું "વિદ્યા એટલે શું ? શિક્ષણ અને વિદ્યા વચ્ચેનો તફાવત, શિક્ષણ નિષ્ફળ જવાનાં કારણો' વિષય ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે વકતાશ્રીનો પરિચય આપી સ્વાગત કરીને સંસ્થાના ગૌરવવંતા ઈતિહાસની વાત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે કરી હતી.

## વર્કશોપ

વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૧-૭-૧૬ના રોજ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની જ્ઞાન ધારા અંતર્ગત હોન્ડા મોટર સાયકલ્સ અને સ્કૂટર્સ, ઈન્ડિયા અને હોન્ડા ઓથોરાયઝડ ડીલર ગંગા ઓટોમોબાઈલ્સ દ્વારા દ્વિચક્રીય વાહન ચલાવતી વખતે સુરક્ષાના હેતુથી રાખવામાં આવતી તકેદારીઓ વિષે એક "સેફટી વાઈલ ડ્રાયવીંગ" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગંગા ઓટોમોબાઈલ્સના જનરલ મેનેજર, શ્રી પરિમલ જોશીએ પોતાના વકતવ્યમાં વાહન વ્યવહાર અને ટ્રાફિકને લગતું સામાન્ય જ્ઞાન, અકસ્માત જેવી ગંભીર સમસ્યા નિવારવાના વિકલ્પો, ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી થતા લાભો, સરળ કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિ દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની પ્રક્રિયા વિષે ઓડિયો-વિઝયુઅલ કિલપ્સ દ્વારા વિદ્યાર્થિનીઓને ઊંડી સમજ પૂરી પાડી હતી તથા એમને આજ પછી ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે પ્રતિબધ્ધ રહેવા આહવાન આપ્યું હતું. તેમણે કમ્પ્યુટર પર સ્ટીમ્યુલેટર દ્વારા વાહન યોગ્ય રીતે ચલાવવાની પધ્ધતિ બતાવી હતી. તેમજ ડ્રાયવિંગ લાયસન્સ મેળવતી વખતે આપવી પડતી ટેસ્ટનું પણ નિદર્શન કર્યું હતું. વિદ્યાર્થિનીઓએ સ્પાંકારે દ્વિચક્રીય વાહન ચલાવી ડ્રાયવિંગ ટેસ્ટનો જાત અનુભવ લીધો હતો. આ અવસરે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે પણ આ પ્રકારના સેમીનારોનો વિદ્યાર્થી જીવનમાં મહત્વ સમજાવી, ગંગા ઓટોમોબાઈલ્સના સ્ટાફનો આભાર માની વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરીને કોલેજ આવવા પ્રેરણા આપી સૌને સુખમય અને સુરક્ષિત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. 'વિશ્વ યોગ દિવસ' અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની વ્યાયામ, યોગ, ખેલ કુદ ધારા અંતર્ગત તા. ૨૦-૬-૧૬ અને ૨૧-૬-૧૬ના રોજ વિદ્યાર્થિનીઓ માટે યોગા અને મેડીટેશન વિષય પર વર્કશોપ પ્રસંગે દ્રષ્ટિયોગ ધ્યાન કેન્દ્ર, સુરતના સ્પીરીચ્યુઆલીસ્ટ અને માઈન્ડ ટ્રેનર, શ્રી જયેશચંદ્ર ગાંધી દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. એમણે વિદ્યાર્થીઓને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તા. ૨૧-૬-૧૬ના રોજ યોજાયેલ યોગા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં યોગા તથા વિદ્યાર્થિનીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ઘોષિત કર્યા હતા. ફિટનેસ ટ્રેનર મિસ. સ્વીટી પસ્તાગ્યાએ સમજાવ્યું હતું કે યોગ એક ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ છે. તેમણે વિદ્યાર્થીઓને ધ્યાન, પ્રાણાયામ, પ્રજ્ઞા યોગ અને સૂર્ય નમસ્કાર પણ કરાવ્યા હતા.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya,** Assistant Librarian
**Published by : Arvind V. Dhaduk, I/c Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com